પ્રાપ્તિ તારીખ : ૨૩–૧૧–૨૦૧૬
નોંધણી તારીખ : ૨૩–૧૧–૨૦૧૬
નિર્ણય તારીખ : ૩૦/૧૨/૨૦૧૯.
અવધિ : વર્ષ: માસ: દિવસ
૦૩ – ૦૧ – ૦૭

રાજકોટ જિલ્લાના મહે. મુખ્ય સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,

મુકામ : રાજકોટ.

સેશન્સ કેસ નંબર: ૧૫૩/૨૦૧૬
સાથે
સેશન્સ કેસ નંબર:૧૦૬/૨૦૧૭

**આંક: ૧૪૭.**

શ્રી સ ર કા ર ... ફરીયાદી.

વિ રૂ ધ્ધ

સેશન્સ કેસ નંબર: ૧૫૩/૨૦૧૬ ના કામે

(૧) અનીશ ઉર્ફે ગોલી મહેબુબભાઈ સાંધ
મુસ્લિમ સંધી, ઉ.વ.આ.૧૯,
ઠે. સદર બજાર, તાર ઓફિસ પાછળ,
નકલંગ એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફલોર, ફલેટ
નં.જી.એફ.મુ.રાજકોટ.

(૨) તૌફીક ઉર્ફે બાવો જમીલહુસૈન શેખ
મુસ્લિમ સીપાઈ, ઉ.વ.આ.૨૧,
ઠે.''આશીયાના મંજીલ''

બજરંગવાડી, ઉસ્માનીયા મસ્જીદ પાસે,
સંજયનગર શેરી નં.૧,
ખોડીયાર બોટલીંગ સામે, રાજકોટ.

(૩) અબ્દુલ ગફારભાઈ સીદીકભાઈ પારેડી
મુસ્લિમ, ઉ.વ.આ.૨૦,
ઠે. પોપટપરા શેરી નં.૧૪/૧ નો ખુણો
ઈમામ ચોક,
મુ. રાજકોટ. ...આરોપીઓ.

સે.કે.નં.૧૦૬/૨૦૧૭ ના કામે :-
(૪) સદામ ઉર્ફે અફઝલ અહેમદભાઈ દલવાણી
મુસ્લિમ, ઉ.વ.આ.૨૪, ધંધો:ડ્રાઈવીંગ,
ઠે.પોપટપરા કૃષ્ણનગર શેરી નં.૫,રાજકોટ ...આરોપી.

-----------------------------------

શ્રી સરકાર તરફે વિદવાન એ.પી.પી. શ્રી કે.બી.ડોડીયા
આરોપીઓ તરફે વિદવાન ધારાશાસ્ત્રી શ્રી બી.વી. ડોડીયા

-----------------------------------

ગુન્હો : ભારતીય ફોજદારી ધારાની કલમ:૩૦૨, ૩૬૪,૩૪૨, ૩૮૭, ૫૦૪, ૩૪, ૫૦૬(૨), ૧૨૦(બી) મુજબ

**-: સંયુકત ઠરાવ :-**

(૧) આ કામે અત્રે એ નોંધવુ જરૂરી છે કે, આંક-૨૭ ની વિ.એ.પી.પી.શ્રી દવારા રજુ થયેલ અરજી વંચાણે લેતા, બંને કેસ એકજ બનાવ

સંબંધી હોય, તેમજ માત્ર એક આરોપીનું પુરવણી ચાર્જશીટ હોય, ન્યાયના વિશાળ હિતમાં બંન્ને કેસો સાથે ચલાવવાનો હુકમ ફરમાવવા અરજ કરેલ. જેથી આ આંક–૨૭ ની અરજી લગત, રાજકોટના એડી. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રીએ, તા.૩૧/૩/૧૮ના હુકમથી, સે.કે.નં.૧૫૩/૧૬ ની સાથે સે.કે.નં.૧૦૬/૧૭ ચલાવવાનો હુકમ કરેલ. જેથી આ બંને કેસ સાથે ચલાવવામાં આવેલ.

(૨) આ કામે ફરિયાદી સુધીરભાઈ અમૃતલાલ પરમાર તેમના પરિવાર સાથે જામનગર રોડ ઉપર બજરંગવાડી શેરી નં.૧૫ માં રહે છે અને તેઓને સંતાનમાં, એક દિકરો સાહીદ ઉ.વ.આ.૨૪ તથા એક દિકરી શિવાંગી, ઉ.વ.૧૭ છે. તેમનો દિકરો સાહીદ, બનાવ અગાઉ રાજકોટ મુકામે, પટેલ સુઝુકીમાં નોકરી કરતો હતો, ત્યારે આરોપી નં.૧ નાએ પોતાનું એકસેસ મોટર સાયકલ વેંચવા માટે, ફરીયાદીના દિકરા સાહિલને આપેલ હતુ, જે એકસેસ મોટર સાયકલ વેંચાયેલ નહી હોવા છતાં, આરોપી નં.–૧ નાએ ફરીયાદીના દિકરા સાહિલને નવુ બુલેટ મોટર સાયકલ છોડાવી દેવા ધાકધમકી આપતાં, ફરીયાદીનો દિકરો સાહિલ, આરોપી નં.૧ ની આવી ધમકીને કારણે કંટાળી જઈ, રાજકોટ છોડી અમદાવાદ જતો રહેલ અને તે દરમ્યાન, આરોપી નં.૧ નાએ અવાર–નવાર ફરીયાદીના ઘરે જઈ મોટર

સાયકલના પૈસા દેવા દબાણ કરી, ફરીયાદી તથા તેના પતિને બિભત્સ ગાળો આપી, તેમના દિકરાને જાનથી મારી નાખવાની ધમકી આપેલ અને ત્યારબાદ, આરોપી નં.૧ નાએ ફરીયાદીના પુત્રના મિત્ર સાહેદ નં.૩૯, વિક્રમસિંહ પ્રતાપસિંહ ઝાલા અને સાહેદ નં.૪૦,ભરતભા ભગવાનજીભાઈ જીલરીયા નાઓને અવાર નવાર ફોન કરી, ફરીયાદીનો દિકરો સાહિલ કયાં છે, તેમ કહી મોટર સાયકલના રૂપિયા પચ્ચીસ હજાર આપી દેવા જણાવતાં, સાહેદ નં.૩૯, વિક્રમસિંહ પ્રતાપસિંહ ઝાલા નાઓએ ફરીયાદીના દિકરો મરણ જનાર 'સાહિલ' અમદાવાદ હોવાનું અને તા.૨૪-૬-૨૦૧૬ ના રોજ રાત્રીના સમયે અમદાવાદથી રાજકોટ આવતા હોવાનું જણાવતા, આરોપી નં.૧ નાઓએ, આરોપી નં.૨ અને ૩ તથા નાશતા ફરતા આરોપી અફજલ ઉર્ફે સદામ અહેમદભાઈ દલવાણી સાથે, અગાઉથી ગુનાહિત કાવત્રુ રચી, ફરીયાદીના દિકરા સાહિલનું બળજબરી પૂર્વક અપહરણ કરી, બળજબરીથી તેમને વેંચવા આપેલ મોટર સાયકલના પૈસા કઢાવવા અન્યથા નવુ બુલેટ મોટર સાયકલ આપવા જણાવી, તેને બિભત્સ ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકીઓ આપી, તેનું ખૂન કરી નાખવાના ઈરાદે, અલગ અલગ જગ્યાએ લઈ જઈ, ગોંધી રાખી, ફરીયાદીના દિકરા સાહિલને લાકડાના ધોકા વતી માર મારી, મોત નીપજાવી, મરણજનાર ફરીયાદીના દિકરાની લાશ,જુના મોરબી રોડ, સીટી સ્ટેશનના

ખંઢેરમાં અવાવરૂ જગ્યાએ ફેંકી દઈ નાશી ગયેલા અને તેમ કરી, આ કામના આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨, ૩૬૪, ૩૪૨, ૩૮૭, ૫૦૪, ૩૪, ૫૦૬(૨), ૧૨૦(બી) મુજબ શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલ. તે મતલબની ફરીયાદના આધારે, તપાસનીશ પોલીસ અમલદારે, તપાસ દરમ્યાન, આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતાં, રાજકોટ બી.ડીવીઝન પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નંબર: સેકન્ડ-૧૫૬/૧૬ થી ભારતીય ફોજદારી ધારાની કલમ:૩૦૨, ૩૬૪, ૩૪૨, ૩૮૭, ૫૦૪, ૩૪, ૫૦૬(૨), ૧૨૦(બી) મુજબનો ગુન્હો, તારીખ:૨૬/૦૬/૧૬ ના રોજ નોંધાયેલ. સદરહુ ગુન્હાની તપાસ કરનાર અધિકારીએ, તપાસના અંતે, રાજકોટના ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરેલ.

(૩) ઉપર મુજબનુ ચાર્જશીટ રજુ થતાં, તેને અનુક્રમે ફોજદારી કેસ નંબર:૪૫૭૦/૨૦૧૭ તથા ફો.કે.નં.૧૧૧૫૫/૨૦૧૬ થી રજીસ્ટર્ડ કરી,ત્યારબાદ પાંચમા અધિક ચીફ જયુડી. મેજિસ્ટ્રેટશ્રીના હુકમથી, તે કેસ સેસન્સ કમીટ થતાં અને તે મુખ્ય સેશન્સ અદાલતમાં, સેશન્સ કેસ નંબર:૧૫૩/૨૦૧૬ થી રજીસ્ટર્ડ થતાં અને ત્યારબાદ સદર સેશન્સ કેસ નં.૧૦૬/૧૭ થી રજીસ્ટર થઈ,રાજકોટના બીજા

એડીશ્નલ સેશન્સ જજશ્રી, સમક્ષ ચાલવા ઉપર આવેલ. ત્યારબાદ અત્રેની આ મુખ્ય કોર્ટમાં ટ્રાન્સફરથી આવેલ.

(૪) આ કામના આરોપી નં.૨,૩ અને ૪ જામીન ઉપર છે અને આરોપી નં.૧ અનીશ ઉર્ફે ગોલી મહેબુબભાઈ સાંધ, હાલ પાસાના કામે વડોદરા જેલમાં છે.

(૫) આ કામે, ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૭૩(૫) મુજબ, આરોપીઓને પોલીસ તપાસના તમામ કાગળો આપવામાં આવેલા અને તે મળ્યા બદલની ખાત્રી કરવામાં આવેલ.

(૬) ઉપરોકત સેશન્સ કેસ નં.૧૫૩/૧૬ ના કેસના ગુન્હા અન્વયેનું તહોમતનામું અનુક્રમે આંક-૨૦ થી આરોપીઓ નં.૧ થી ૩ વિરૂધ્ધ રાજકોટના બીજા એડીશ્નલ સેશન્સ જજશ્રીએ ફરમાવેલ આરોપીઓએ તહોમતનામુ સમજીને, સાંભળ્યા બાદ, સદર તહોમતનામા અન્વયેના ગુન્હાઓનો ઈન્કાર કરી, કામ આગળ ચલાવવાની માંગણી કરેલ.

ફરીયાદ પક્ષ તરફે, આ કામે નીચે મુજબનો પુરાવો રજુ થયેલ છે. :-

**<u>મૌખિક પુરાવો :</u>**

| ક્રમ | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|
| ૧ | ૨૪ | અમરશીભાઈ મગનભાઈ મકવાણા | પંચ (ઈન્ક.પંચનામુ) |
| ૨ | ૩૪ | અનિલભાઈ નાનજીભાઈ રાઠોડ | પંચ (ઈન્ક.પંચનામુ) |
| ૩ | ૩૬ | ભાવિકભાઈ અરૂણભાઈ બોસમીયા, | પંચ (સ્થા.જગ્યાનું પંચનામુ) |
| ૪ | ૩૮ | જગદીશભાઈ હરીભાઈ બલદાણીયા, | પંચ (સ્થા.જગ્યાનું પંચનામુ) |
| ૫ | ૪૯ | હસમુખભાઈ પરબતભાઈ રાઠોડ | પંચ (આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડા અંગેનું પંચનામુ ) |
| ૬ | ૫૪ | રાહુલભાઈ મનજીભાઈ ચૌહાણ | પંચ (આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડા અંગેનું પંચનામુ ) |
| ૭ | ૫૫ | જીતેન્દ્રભાઈ કમાભાઈ ચુડાસમા | આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડા રજુ કરેલ તે અંગેનું આંક–૫૬ વાળુ પંચનામું |
| ૮ | ૫૮ | મુકેશભાઈ રાજેશભાઈ ચુડાસમા | આરોપીએ બનાવ વખતે પહેરેલ |

| | | | |
|---|---|---|---|
| | | | કપડા રજુ કરેલ તે અંગેનું આંક-૫૬ વાળુ પંચનામું |
| ૯ | ૬૦ | આસીફ ઉસ્માનભાઈ પઠાણ | સાહેદ (ભોગબનનારના પિતા) |
| ૧૦ | ૬૨ | કિરણભાઈ અશોકભાઈ ચૌહાણ | હથિયાર કબ્જે કર્યા અંગેના પંચ |
| ૧૧ | ૬૫ | હેદરભાઈ હબીબભાઈ જામ | આંક-૬૬ ના પંચનામાના પંચ |
| ૧૨ | ૬૭ | યોગેન્દ્રસિંહ પ્રદયુમનસિંહ રાઠોડ | આંક-૬૬ ના પંચનામાના પંચ |
| ૧૩ | ૬૮ | સાગર દિનેશભાઈ ડાભી | ચીજ વસ્તુઓ કબ્જે કરેલ, તે અંગેના આંક-૬૯ ના પંચનામાના પંચ |
| ૧૪ | ૭૦ | વિપુલભાઈ કુલજીભાઈ રાઠોડ | ચીજ વસ્તુઓ કબ્જે કરેલ, તે અંગેના આંક-૬૯ ના પંચનામાના પંચ |
| ૧૫ | ૭૨ | આશિષ કાંતીભાઈ ચૌહાણ | આંક-૬૧ વાળા, લાશ જયાં પડેલ તે જગ્યાના, પંચનામાના પંચ |
| ૧૬ | ૭૩ | ગૌતમભાઈ હિરાભાઈ સારેસા | આંક-૬૪ વાળા ડીસ્કવરી પંચનામાના પંચ |

| | | | |
|---|---|---|---|
| ૧૭ | ૭૫ | નલીનકાંત નરસિંહભાઈ વ્યાસ | એફ.એસ. એલ. ઓફિસર |
| ૧૮ | ૭૯ | ડો.વિનોદકુમાર શ્રીરામપ્રિતસિંગ સિંગ | મેડીકલ ઓફીસર |
| ૧૯ | ૯૩ | ભરતભાઈ જમનાદાસ ભડંગજી | જાહેરનામા સંબંધીના પોલીસ સાહેદ |
| ૨૦ | ૯૫ | જયંતીલાલ હંસરાજભાઈ વેકરીયા | નકશો બનાવનાર |
| ૨૧ | ૯૮ | છગનગીરી હરદેવગીરી ગૌસ્વામી | નારીયેલના વેપારી અને બનાવ સ્થળે જનાર સાહેદ. |
| ૨૨ | ૯૯ | ભાનુબેન તખતસિંહ પરમાર | બનાવ સ્થળે જનાર સાહેદ |
| ૨૩ | ૧૦૨ | પ્રદિપભાઈ મહેશભાઈ ચૌહાણ | આંક-૧૦૩ ના અટક પંચનામાના પંચ |
| ૨૪ | ૧૦૫ | સમજુબેન બાબુભાઈ વાવેસા | બનાવ સ્થળે પચ્ચીસેક વર્ષની રહેનાર સાહેદ |
| ૨૫ | ૧૦૬ | સંગીતાબેન ભાવરાવ પાટીલ | બનાવ સ્થળે એક વર્ષ પહેલા રહેનાર સાહેદ |
| ૨૬ | ૧૦૮ | રોહીત ઉર્ફે બલી લચ્છુભાઈ ગુલવાણી | લાશ જોનાર સાહેદ |
| ૨૭ | ૧૦૯ | દિનેશભાઈ કરશનભાઈ ચારોલીયા | જુના સીટી સ્ટેશને જેમનું ઘર આવેલ છે તે તથા લાશ ફેકતા જોયેલ |

| | | | |
|---|---|---|---|
| | | | હોવાના ફરીયાદપક્ષના કેસ મુજબના સાહેદ |
| ૨૮ | ૧૧૦ | પ્રહલાદભાઈ તનાભાઈ ચારોલીયા | લાશને ફેકતા જોનાર શાહેદ |
| ૨૯ | ૧૧૫ | સુરેશગર શ્યામગર ગોસાઈ | પી.એસ.ઓ. |
| ૩૦ | ૧૧૯ | દેવરાજભાઈ દુલાભાઈ લાડુમોર | ઈન્વે. પી.એસ.આઈ. |
| ૩૧ | ૧૨૨ | દિપકભાઈ હરિશભાઈ ભટ્ટ | ત.ક.અ., પો.ઈ. |

**<u>દસ્તાવેજી પુરાવો :</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત | તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨૫ | ઈન્કવેસ્ટ પંચનામુ | ૨૬-૦૬-૧૬ |
| ૨ | ૩૫ | મરણ જનારના કપડા અંગેનુ પંચનામુ | ૨૬-૦૬-૧૬ |
| ૩ | ૩૭ | ગુના વાળી જગ્યાનું પંચનામુ | ૨૭-૦૬-૧૬ |
| ૪ | ૫૦ | મુદ્દામાલ અને તે જે જગ્યાએ મુકેલ તે જગ્યા બતાવતા, તે અંગેનું પંચનામુ | ૨૯-૦૬-૧૬ |
| ૫ | ૫૬ | બે ઈસમો/આરોપીઓ અનીસ સ/ઓ. મહેબુબ મહમદભાઈ સાંધ અને તૌફીક ઉર્ફે બાવો જમીલહુસેન શેખ સ્વ ખુશીથી કંઈ કહેવા તથા બતાડવા માંગતા તે અંગેનું પંચનામુ | ૨૭-૦૬-૧૬ |
| ૬ | ૬૧ | પંચનામુ-આશીષ/આસીફ | ૩૦-૦૬-૧૬ |

| | | | |
|---|---|---|---|
| ૭ | ૬૪ | ડીસ્કવરી પંચનામુ | ૩૦–૦૬–૧૬ |
| ૮ | ૬૬ | પંચનામુ–ચાગેન્દ્રસિંહ/ હૈદરભાઈ | ૩૦–૦૬–૧૬ |
| ૯ | ૬૯ | પંચનામુ–વિપુલભાઈ સાગરભાઈ | ૩૦–૦૬–૧૬ |
| ૧૦ | ૭૬ | બનાવવાળી જગ્યાનો સ્થળ પરિક્ષણ કરવા અંગે એફ.એસ.એલ. અધિકારીને કરેલ ચાદી | ૩૦–૦૬–૧૬ |
| ૧૧ | ૭૭ | એફ.એસ.એલ. રીપોર્ટ | ૨૭–૦૬–૧૬ |
| ૧૨ | ૮૦ | ગુન્હો દાખલ કરવા અંગે | ૨૬–૦૬–૧૬ |
| ૧૩ | ૮૧ | કોઝ ઓફ ડેથ | ૨૬–૦૬–૧૬ |
| ૧૪ | ૮૨ | વિસેરા મોકલવાની ચાદી | ૨૬–૦૬–૧૬ |
| ૧૫ | ૮૩ | પી.એમ.નોટમાં નામ લખવા બાબતની ચાદી | ૧૬–૦૭–૧૬ |
| ૧૬ | ૮૪ | મરણ જનારના લોહીના નમુના | ૧૪–૦૭–૧૬ |
| ૧૭ | **૮૫** | મરણ જનારના લોહીના નમુના | ૧૯–૦૮–૧૬ |
| ૧૮ | ૮૬ | લાશનું પી.એમ. કરવા અંગેની ચાદી | ૨૬–૦૬–૧૬ |
| ૧૯ | ૮૭ | મરણોત્તર ફોર્મ | ૨૬–૦૬–૧૬ |
| ૨૦ | ૮૮ | પી.એમ. નોટ તથા બ્લડ સેમ્પલ આપવા અંગેની ચાદી | ૧૭–૦૮–૧૬ |
| ૨૧ | ૮૯ | મુદ્દામાલ પરીક્ષણ અહેવાલ | ૨૬–૦૯–૧૬ |
| ૨૨ | ૯૪ | જાહેરનામુ | ૨૨–૦૪–૧૬ |
| ૨૩ | ૧૨૫ | લાશ સોંપ્યાની પહોંચ | ૨૬–૦૬–૧૬ |
| ૨૪ | ૧૨૬ | મુદ્દામાલ નું પૃથ્થકરણ કરવા અંગેની ચાદી, સત્તાનું પ્રમાણપત્ર, શીલનો નમુનો. | ૦૪–૦૯–૧૬ |
| ૨૫ | ૧૨૭ | મુદ્દામાલ મળ્યાની પહોંચ | ૦૬–૦૯–૧૬ |
| ૨૬ | ૧૨૮ | મુદ્દામાલનું પૃથ્થકરણ કરવા અંગેની ચાદી, સત્તાનું | ૧૮–૦૩–૧૭ |

| | | | |
|---|---|---|---|
| | | પ્રમાણપત્ર, શીલનો નમુનો | |
| ૨૭ | ૧૨૯ | મુદ્દામાલ મળ્યાની પહોંચ | ૧૮-૦૩-૧૭ |
| ૨૮ | ૧૩૦ | એરેસ્ટ મેમો | ૧૫-૦૨-૧૭ |
| ૨૯ | ૧૩૧ | ભારે ગુન્હાનો સ્પેશ્યલ રીપોર્ટ | ૨૬-૦૬-૧૬ |
| ૩૦ | ૧૩૨ | વિડીયોગ્રાફી કરવા અંગેની યાદી | ૨૬/૦૬/૧૬ |
| ૩૧ | ૧૩૩ | આરોપીઓની મેડીકલ તપાસણી કરવા અંગેની યાદી | ૩૦/૦૬/૧૬ |
| ૩૨ | ૧૩૪ | આરોપીઓના બ્લડ સેમ્પલ લેવાની યાદી | ૩૦/૦૬/૧૬ |
| ૩૩ | ૧૩૫ | આરોપીઓના બ્લડ સેમ્પલ-૩ | ૨૫-૦૭-૧૭ |
| ૩૪ | ૧૩૬ | આરોપી સદામનું બ્લડ સેમ્પલ લેવાની યાદી | ૧૫-૦૨-૧૭ |
| ૩૫ | ૧૩૫ | આરોપીઓના બ્લડ સેમ્પલ-૩ | ૨૫-૦૭-૧૭ |
| ૩૬ | ૧૩૬ | આરોપી સદામનું બ્લડ સેમ્પલ લેવાની યાદી | ૧૫-૦૨-૧૭ |
| ૩૭ | ૧૩૭ | આરોપી સદામનું બ્લડ સેમ્પલ | ૦૩-૦૩-૧૭ |
| ૩૮ | ૧૩૮ | આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ આપવાની યાદી | ૧૬/૦૨/૧૭ |
| ૩૯ | ૧૩૯ | આરોપી સદામનું મેડીકલ સર્ટીફીકેટ | ૦૧-૦૩-૧૭ |
| ૪૦ | ૧૪૦ | બ્રોડકાસ્ટ કરવા અંગેની યાદી | ૧૬-૦૨-૧૭ |
| ૪૧ | ૧૪૧ | સી.ડી.આર./એસ.ડી.આર.ની માહીતી મંગાવવા અંગેની યાદી | ૦૨-૦૭-૧૬<br>૦૪-૦૭-૧૬ |
| ૪૨ | ૧૪૨ | સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા અંગે | ૧૦-૦૭-૧૭ |

| | | | |
|---|---|---|---|
| ૪૩ | ૧૪૩ | મુદ્દામાલ પરીક્ષણ અહેવાલ ફોરવર્ડીગ પત્ર સહીત પાના–૪ | ૦૩–૧૨–૧૬ |
| ૪૪ | ૧૪૫ | કલોઝિંગ પુરસીસ | ૧૫–૧૧–૧૯ |

(૭) આ કામે ફરીયાદપક્ષ તરફથી લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધા બાદ, ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનુ વધારાનુ નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ. સોગંદ ઉપર જુબાની આપવી નથી, બચાવના સાહેદો તપાસવા નથી, તેમ જણાવી, વિશેષ જવાબમાં જણાવેલ કે, તેઓ નિર્દોષ છે. તેઓએ કોઈ ગુનો કરેલ નથી, તેમની સામે ખોટી ફરિયાદ નોંધી, ખોટુ ચાર્જશીટ કરી, ખોટો પુરાવો ઉભો કરેલ છે અને તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ.

(૮) ફરીયાદપક્ષ તરફથી વિદવાન એ.પી.પી.શ્રી કે.બી.ડોડીયાની દલીલો સાંભળી તથા આરોપીઓ તરફે વિ.વકિલ શ્રી બી.વી. ડોડીયાની દલીલો સાંભળી.

(૯) ફરીયાદપક્ષે વિદવાન એ.પી.પી.શ્રી કે.બી.ડોડીયાએ દલીલ કરેલ કે,આ કામના આરોપીઓ વિરૂઘ્ધ ઈ.પી.કો.કલમ–૩૦૨, ૫૦૪, ૫૦૬(૨),૧૨૦(બી), તથા બી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગંભીર પ્રકારના ગુન્હાનો આરોપ છે. આ કામના ફરીયાદીના દિકરા મરણજનાર 'સાહિલ' ઉ.વ.૨૪ નું આ કામના આરોપીએ પોતાનું એકસેસ મો.સા. વેંચવા આપેલ હતુ જે નહીં વેંચાતા આરોપીએ મરણજનાર સાહિલને બુલેટ છોડાવી દેવાનું કહી બીભત્સ શબ્દોમાં ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા, મરણજનાર અમદાવાદ જવાનું કહી જતો રહેલ હતો. ત્યારબાદ આરોપીઓએ પુર્વ આયોજીત કાવતરૂ રચી, મારી નાખવાના ઈરાદે કોઈ હથીયારથી શરીર ઉપર મુઢ માર મારી, જાનથી મારી નાખી, પો.કમી.,રાજકોટ શહેરના જાહેરનામાનો ભંગ કર્યા અંગેની ફરીયાદ છે. આ કામે રજુ થયેલા પોલીસ તપાસના કાગળો તથા તપાસવામાં આવેલા સાહેદોના પુરાવાઓ માંથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતુ હોય, આરોપીઓને યોગ્ય નશ્યત કરવા વિનંતી કરેલ.

(૧૦)આરોપીઓ તરફેના વિ.વકિલ શ્રી બી.વી. ડોડીયાએ દલીલ કરતા જણાવેલ કે, આ કામેની એફ.આઈ.આર. જોતાં, તેમાં ગુન્હો બન્યાની તારીખ અને સમયના કોલમ માં તા.૨૦/૦૬/૧૬ થી તા:૨૬/૦૬/૧૬ સુધીની અને કલાક ૨૦/૦૦ થી કોઈપણ

સમયેના કલાક સુધી દર્શાવેલ છે. તેમજ આંક-૧૧૯ થી તપાસવામાં આવેલ ફરીયાદ લેનાર પો.સ.ઈ. દેવરાજભાઈ દુલાભાઈ લાડુમોરની જુબાનીની ઉલટ તપાસ જોવામાં આવે તો, તેમાં તેઓએ સ્પષ્ટ રીતે એ વાતનો સ્વીકાર કરેલ છે કે,-આંક-૧૨૦ વાળી ફરીયાદ તેઓએ કઈ જગ્યા પર અને કેટલા વાગ્યે લીધેલી, તેનો ઉલ્લેખ ફરિયાદમાં કરેલ નથી તેમજ આંક-૮૦ વાળા ફોવર્ડીંગ પત્રમાં આંક-૧૨૦ વાળી ફરિયાદ કઈ જગ્યા પર અને કેટલા વાગ્યે નોંધેલી તેનો ઉલ્લેખ કરેલ નથી. તેમજ આ કામે તપાસવામાં આવેલા સ્વતંત્ર અને તટસ્થ પંચ શાહેદોએ પણ પંચનામાઓની વિગતને કે ફરીયાદપક્ષના કેસની વિગતોને સમર્થન કરેલ નથી. તેમજ આંક-૭૯ ના ડોકટર શાહેદની જુબાનીની ઉલટ તપાસ જોવામાં આવે તો, તેમાં તેઓએ એવુ જણાવેલ કે, તેઓ એ વાત સાથે સહમત થાય કે, માણસને ઢસડાવીને લઈ જવાથી અબ્રેઝનની ઈજાઓ થઈ શકે. હાલના કેસમાં શરીરના અંદરના મહત્વના અવયવોને કોઈ ઈજા થયેલ ન હતી. હાલના કેસમાં જે ઈજાઓ થયેલી, તેમાં તાત્કાલીક સારવાર મળે તો માણસ બચી શકે. આમ, સ્વતંત્ર અને તટસ્થ પંચ શાહેદો તથા ડોકટર શાહેદ તથા મહત્વના શાહેદોની જુબાનીઓની સરતપાસ તથા ઉલટ તપાસ જોતા, આ કામના આરોપીઓને બનાવની તારીખે સમયે અને સ્થળે ગુન્હા સાથે

સાંકળતો કોઈ પુરાવો રજુ થતો ન હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ.

(૧૧)ફરીયાદપક્ષ તરફથી આરોપીઓ વિરૂધ્ધનો ગુન્હો સાબીત કરવા માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:-

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ બનાવની તારીખે સમયે અને સ્થળે, આ કામના ફરીયાદીના દિકરા મરણજનાર 'સાહિલ' ઉ.વ.૨૪ ને પોતાનું એકસેસ મો.સા. વેંચવા આપેલ હતું, જે નહીં વેંચાતા આરોપીએ મરણજનાર સાહિલને બુલેટ છોડાવી દેવાનું કહી, બિભત્સ શબ્દોમાં ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા, મરણ જનાર અમદાવાદ જવાનું કહી જતો રહેલ. પરંતુ ત્યારબાદ આરોપીઓએ પુર્વ આયોજીત કાવતરૂ રચી,મરણ જનારને, મારી નાખવાના ઈરાદે, કોઈ હથીયારથી શરીર ઉપર, મુઢ માર મારી, જાનથી મારી નાખી, પો.કમી.,રાજકોટ શહેરના જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨, ૩૬૪, ૩૪૨, ૩૮૭, ૫૦૪, ૩૪, ૫૦૬(૨), ૧૨૦(બી) તથા બી.પી. એકટ ની કલમ:૧૩૫ મુજબનો ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૧૨)ઉપરોકત મુદ્દાઓના નિર્ણય, નીચે જણાવેલ વિગતવાર કારણોસર, નીચે મુજબ આપવામાં આવે છે. :-

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

## -:: <u>કારણો</u> ::-

**<u>મુદ્દા નં.૧</u>:-**

(૧૩)શાહેદ નં.૧. પંચ અમરશીભાઈ મગનભાઈ મકવાણા આંક-૨૫ ના ઈન્કવેસ્ટ પંચનામાના પંચ છે. તેઓના કથન મુજબ દોઢેક વર્ષ પહેલા સવારના દસ વાગ્યાની આસપાસ મોરબી રોડ, સીટી સ્ટેશન પાસે સદર સાહેદને, તેમજ નરેન્દ્ર ચંદુભાઈ ચૌહાણને લાશનું પંચનામુ કરવા પંચ તરીકે બોલાવેલા. તેઓએ દુરથી લાશ જોયેલી, તે લાશ એક પુરૂષની હતી. સદર લાશ ઉપર કાળા કલરનું પેન્ટ હતું. સદર લાશના પાછળના ભાગ ઉપર ચકામાંના નિશાન હતા અને હાથ ઉપર પાટા બાંધેલ હતા. લાશ ઉપર બીજા કોઈ ઈજાના નિશાન જોયેલ નહીં. પોલીસ પંચોની હાજરીમાં લખાણ કરતા હતાં, તેવુ જણાવેલ છે.

ઉલટ તપાસમાં આરોપી તરફેના એડવોકેટ શ્રી બી.વી. ડોડીયાએ તેઓની હાજરીમાં લાશનું પંચનામુ કરવામાં આવેલ ન હોવાના સુચનનો શાહેદે ઈન્કાર કરેલ છે અને પંચનામામાં સહી ખોટી રીતે ઓળખી બતાવેલ, તેવા કથનને પણ ઈન્કારેલ. આમ, સદર

શાહેદે આંક–૨૫ ના ઈન્કવેસ્ટ પંચનામાની હકીકતને મહદઅંશે પુરવાર કરેલ છે.

શાહેદ નં.૨ અનિલભાઈ નાનજીભાઈ રાઠોડે આંક–૩૫ વાળુ પંચનામું, જે રાજકોટ સરકારી હોસ્પિટલના પી.એમ. રૂમ ખાતે કરવામાં આવેલ તેના પંચ છે, તેઓનું ગેરેજ બેડીપરા પોલીસ ચોકીની બાજુમાં આવેલ. બેએક વર્ષ પહેલા ગેરેજ ઉપર હતાં ત્યારે પોલીસે સહી કરવાનું કહેતા સહી કરેલ. રાજકોટના પી.એમ. રૂમ ખાતે ગયેલ નથી કે લાશને જોયેલ નથી કે લાશ ઉપરના કપડા પંચોની હાજરીમાં પોલીસે કબજે કરેલ નથી, તે મુજબનો પુરાવો આપેલ છે. મુદ્દામાલ કપડા ઓળખી શકે નહીં તેમ પણ જણાવેલ.

શાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ, પરંતુ સરકારી વકિલ તરફથી પુછવામાં આવેલ પંચનામાની હકીકતનો સદર શાહેદે સદંતર ઈન્કાર કરેલ અને ઉલટ તપાસમાં જણાવેલ કે, પોલીસે તૈયાર કાગળમાં તેઓની સહી લીધેલ. તેઓની હાજરીમાં કોઈ કપડા આપેલ નથી, તેવો પુરાવો આપેલ છે. સદર શાહેદે આંક–૩૫ ના પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી.

(૧૪)શાહેદ નં.૩, પંચ ભાવિકભાઈ અરૂણભાઈ બોસમીંયા આંક–૩૭ ના પંચનામાના પંચ છે. તેઓના કથન અનુસાર દોઢેક વર્ષ પહેલા 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં તેઓ અંગત કામસર ગયેલ ત્યારે

પોલીસે તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા સહી કરેલ. તેઓની હાજરીમાં કોઈ ઈસમ શાહેદ હોય અને તેઓની હાજરીમાં ગુનાવાળી જગ્યા બતાવવામાં આવેલ હોય, તેવુ બનેલ ન હોવાનું જણાવેલ. આમ, સદર શાહેદે ગુનાવાળી જગ્યાના પંચનામાને સમર્થન આપેલ નથી.

તેમજ આંક–૩૭ ના અન્ય પંચ જગદીશભાઈ હરીભાઈ બલદાણીયાને શાહેદ નં.–૪ તરીકે તપાસેલ. તેઓએ આંક–૩૭ ના પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. બંને શાહેદ નં.૩ અને નં.૪ નાને ફરી ગયેલા જાહર કરવામાં આવેલ, પરંતુ બંને શાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી.

(૧૫)શાહેદ નં.૫ હસમુખભાઈ પરબતભાઈ રાઠોડને આંક–૪૯ ના પુરાવા અનુસાર આશરે પોણા બે વર્ષ પહેલા, તેઓ બી. ડિવિ. પો.સ્ટે., એક બીજા કેસમાં સહી કરવા માટે ગયેલા, ત્યારે પોલીસે સદરહુ આંક–૫૦ વાળા પંચનામામાં સહી કરાવી લીધેલ, કઈ બાબતનું પંચનામુ હતું, તેની પોલીસે કંઈ જાણ કરેલ નહીં. પોલીસ અને આરોપી સાથે અન્ય કોઈ જગ્યાએ ગયેલ હોય અને આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડા રજુ કરેલ હોય, તેવુ કાંઈ બનેલ ન હોવાનું શાહેદે જણાવેલ. મુદ્દામાલ ઓળખી ન શકે, તેવો પણ

પુરાવો આપેલ અને આરોપીને તેઓ ઓળખતા નથી, તેમ જણાવેલ.

માર્ક–''ડી'' માંથી એક લાકડી નીકળેલ, જે શાહેદ રૂબરૂ કબજે થયેલ નથી તેવુ જણાવતા, તેઓ મુદ્દામાલને ઓળખી શકે નહીં, તેવો પુરાવો આપેલ. શાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ. આરોપી અનિલ ઉર્ફે ગોલીએ કપડા રજુ કરેલ, જે જોતા એક કાળા કલરનું અડધી બાયનું જેકેટ તેમજ એક ટી–શર્ટ તથા એક નાઈટ પેન્ટ કાળા કલરનું જેના ઉપર અંગ્રેજીમાં VERSACE શબ્દ લખેલ હોવાનું અને આરોપી તૌફીક ઉર્ફે લાલો જમીર હુસેને પણ પોતે બનાવ વખતે પહેરેલ કપડા, જે જોતા એક કાળા કલરનું અડધી બાયનું ટી–શર્ટ, જેના આગળના ભાગે અંગ્રેજીમાં ''BONATY" લખેલ અને કાળા કલરનું પેન્ટ રજુ કરવામાં આવેલ હોવાનું પુછવામાં આવેલ, પરંતુ તે હકીકત ઈન્કારેલ છે.

આરોપી તરફે એડવોકેટ ડી.પી. વ્યાસનાએ ઉલટ તપાસ લીધેલ. જેમાં શાહેદે જણાવેલ કે, પોલીસે તૈયાર કાગળ ઉપર તેઓની સહી લીધેલ. પોલીસે સહી લીધેલ તે સિવાય તેઓની હાજરીમાં કોઈ કાર્યવાહી થયેલ નહીં. બનાવ વિશેષ તેઓ કશુ જાણતા નથી અને પોલીસ, તેઓને કોઈ જગ્યાએ લઈ ગયેલ નહીં. આમ, આંક–૫૦ ના પંચનામાની હકીકત, શાહેદે પુરવાર કરેલ નથી.

આ આંક-૫૦ ના પંચનામાના પંચ, રાહુલ મનજીભાઈ ચૌહાણને શાહેદ નં.૬ તરીકે તપાસેલ છે, તેઓ બી.ડીવી. પો.સ્ટે.માં બીજા કેસમાં સહી કરવા ગયેલ ત્યારે પોલીસે તેમની સહી લીધેલ. આરોપીએ કપડા રજુ કરેલ હોય, તેવી હકીકતને ઈન્કારેલ છે. હોસ્ટાઈલ જાહેર થયા બાદ, પ્રોસીકયુશનના કેસને સમર્થન આપેલ નથી અને ઉલટ તપાસમાં પણ, તેઓ કશુ જાણતા ન હોય અને તેઓની હાજરીમાં કોઈ કાર્યવાહી થયેલ નથી તેવો પુરાવો આપેલ.

(૧૬)શાહેદ નં.૭ તરીકે જીતેન્દ્રભાઈ કમાભાઈ ચુડાસમાને આંક-૫૬ ના પંચનામા સંબંધે તપાસેલ. આરોપી અનિશભાઈ મેબુબભાઈ સાંઘ તથા તોફીક ઉર્ફે બાવો જમીલહુસેને કપડા રજુ કરેલ, તે બાબતનું પંચનામું દોરવામાં આવેલ, પરંતુ શાહેદે તેવી તમામ હકીકતને સમર્થન આપેલ નથી.

ઉલટ તપાસમાં જણાવેલ કે,પોલીસે તૈયાર કાગળ ઉપર તેમની સહી લીધેલ. તેમની હાજરીમાં કોઈ કાર્યવાહી થયેલ નહીં અને બનાવ વિશે તેઓ કશુ જાણતા નથી. આંક-૫૬ ના પંચનામાના અન્ય પંચ મુકેશભાઈ રાજેશભાઈ ચુડાસમાને સાહેદ નં.૮ તરીકે તપાસેલ. તેઓએ પણ મુદ્દામાલ ઓળખી બતાવેલ નથી અને આરોપીઓને ઓળખતા નથી, તે મુજબનો પુરાવો

આપેલ. ફરી ગયેલા જાહેર કર્યા બાદ પણ આંક–૫૬ ના પંચનામાને સમર્થન આપેલ નથી. ઉલટ તપાસમાં પણ કોઈ કાર્યવાહી તેમની હાજરીમાં થયેલ ન હોવાનો પુરાવો આપેલ અને તેઓ કશુ જાણતા ન હોય, તે મુજબનું કથન કોર્ટ રુબરુ આપેલ.

શાહેદ નં.૯, આસીફભાઈ ઉસ્માનભાઈ પઠાણ આંક:૬૧ ના પંચનામાના પંચ છે. જે આરોપી અનીશ ઉર્ફે ગોલી સન ઓફ મહેબુબભાઈ મહમદભાઈ સાંધે બનાવ વખતે ઉપયોગમાં લીધેલ ધોકો તથા ગુજરનારને જે જગ્યા ઉપર લઈ જઈ માર મારેલ તેમજ તેનું મૃત્યુ થતાં જે જગ્યાએ તેની લાશ ફેંકેલ, તે જગ્યા બતાવવા સંબંધી પંચનામુ આંક–૬૧ દોરવામાં આવેલ, પરંતુ તે પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી.

ઉલટ તપાસમાં જણાવેલ છે કે, પોલીસે તૈયાર કાગળમાં તેમની સહી લીધેલ. તેમની હાજીરમાં કોઈ કાર્યવાહી થયેલ નથી કે કોઈ કાગળો તેમણે વાંચેલ નથી.

શાહેદ નં.૧૦, કિશોરભાઈ અશોકભાઈ ચૌહાણ આંક:૬૩ અને આંક:૬૪ ના પંચનામાના પંચ છે. પરંતુ આરોપીએ કોઈ વિગત જણાવેલ હોય અને ત્યારબાદ પોલીસ સાથે ગયેલ હોય અને આરોપીએ કોઈ હથિયાર કાઢી બતાવેલ હોય, તેવા તમામ સુચનને સરતપાસમાં ઈન્કારેલ. સદર શાહેદ ફરી ગયેલા જાહેર થયા બાદ, આરોપી અનિશ ઉર્ફે ગોલી સન/ઓફ મહેબુબભાઈ

મહમદભાઈ સાંઘે બનાવમાં ઉપયોગમાં લીઘેલ લાકડી, જે જગ્યાએ ફેંકેલ, તે જગ્યા બતાવવા માંગતા હોય, પંચનામુ કરવામાં આવેલ, તે સંબંઘે વિ.એ.પી.પી.એ. પ્રશ્નો પુછેલ, પરંતુ તેવી કોઈ હકીકતને સમર્થન આપેલ નથી. તેમજ તે જગ્યાની બાજુમાં ઝાડી–ઝાખડામાં મોબાઈલ ફોન નાખેલ, જે મરનારનો હોવાનું બતાવવામાં આવેલ, તેવી હકીકતને પણ સાહેદે સમર્થન આપેલ નથી.

ઉલટ તપાસમાં તૈયાર કાગળમાં સહી લીઘેલાનું જણાવેલ અને તેઓની હાજરીમાં કોઈ કાર્યવાહી થયેલ ન હોવાનું પણ જણાવેલ.

(૧૭)શાહેદ નં.૧૧, હૈદરભાઈ હબીબભાઈ જામ, આંક–૬૬ ના પંચ છે, જે આરોપી ગફાર સીદીક પારડીના અટક પંચનામાના પંચ છે. પરંતુ સદર સાહેદ હૈદરભાઈ હબીબભાઈએ, તે પંચનામાની તમામ હકીકતનો ઈન્કાર કરેલ અને તૈયાર કાગળ ઉપર સહી લીઘેલાનું જણાવેલ.

આંક–૬૬ ના અન્ય પંચ યોગેન્દ્રસિંહ પ્રદયુમનસિંહ રાઠોડને શાહેદ નં.૧૨ તરીકે તપાસેલ છે. તેઓએ પણ તેવા કોઈ આરોપીના અટક પંચનામાને સમર્થન આપેલ નથી.

(૧૮) શાહેદ નં.૧૩, સાગર દિનેશભાઈ ડાભી કે જેઓ આંક–૬૯ ના પંચ છે તથા શાહેદ નં.૧૪ વિપુલ કુરજીભાઈ રાઠોડ પણ તે જ પંચનામાના પંચ છે, પરંતુ બંને આરોપીએ ઉપયોગમાં લીધેલ કોઈ ચિજવસ્તુ તેમની રુબરુ રજુ કરેલ હોય અને કબજે કરેલ હોય, તેવી હકીકતને સમર્થન આપેલ નથી.

હિરો હોન્ડા સ્પ્લેન્ડર જી.જે.–૦૩–એફ.એ.–૧૨૮૯ અને રીક્ષા નં.GJ1-AV-2084 વાળી રજુ રાખેલ હોય અને તેનો કબજો લીધેલ હોય, તેવી હકીકતને સમર્થન આપેલ નથી.

(૧૯)સાહેદ નં.૧૫ આશિષ કાંતીભાઈ ચૌહાણ, આંક–૬૧ ના પંચનામાને સમર્થન આપતા નથી અને શાહેદ નં.૯ નાએ જે પુરાવો આપેલ, તે મુજબનો પુરાવો આપેલ. શાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ તેમ છતાં,પ્રોસીકયુશનના પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી.

શાહેદનં.૧૬ ગૌતમભાઈ હિરાભાઈ સારેસાનાઓએ આંક–૬૩ વાળા પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. માર્ક'એફ' વાળા મુદામાલથી લાકડી નીકળેલ, તેવી લાકડી તેઓની હાજરીમાં કબજે થયેલ ન હોવાનું જણાવેલ. આમ, પ્રોસીકયુશનના કેસને સમર્થન આપેલ નથી. ઉલટ તપાસ મુજબ તૈયાર કાગળ ઉપર

પોલીસે તેમની સહી લીધેલ, બીજી કોઈ કાર્યવાહી તેમની રુબરુ કરવામાં આવેલ નહીં.

(૨૦)આંક–૭૫ થી શાહેદ નં.૧૭, નલીનકાંત નરસિંહભાઈ વ્યાસે એવુ જણાવેલ કે,– તેઓ પોતાની ફરજ પર હતાં, ત્યારે તેમને તા.૨૭/૦૬/૨૦૧૬ ના રોજ બી.ડિવિ.પો.સ્ટે.ના પી.આઈ. શ્રી ડી.એચ. ભટ્ટ દવારા અગાઉ ટેલીફોનીક જાણ કરી, તેમને રુબરુમાં બનાવ સ્થળે, યાદી આપવામાં આવેલી, જે યાદીની સ્થળપ્રત આંક–૭૬ વાળી બતાવવામાં આવતાં, તે જોઈને તે સ્વિકાર્યા બદલની તેમની સહી ઓળખી બતાવેલ. તેના અનુસંધાને સદર શાહેદે તે જ દિવસના કલાક–૧૭/૪૦ થી કલાક ૧૮/૧૦ દરમ્યાન બનાવ સ્થળનું નિરિક્ષણ ત.ક.અ., પી.આઈ. શ્રી ડી.એચ. ભટ્ટની હાજરીમાં કરેલુ. આ બનાવ સ્થળ પોપટપરા, આઈ.સી.ડી.એસ. પાછળ, ઈમામ ચોક ઉપર આવેલ હોવાનું જણાવેલ. આ બનાવ સ્થળે આરોપીઓ તેમજ પંચો હાજર હોવાનું ત.ક.અ.શ્રીને જણાવેલ. આ બનાવ સ્થળ રેલ્વેના ટ્રેકની નજીક પોપટપરા, ઈમામ ચોકમાં હતું. તે જગ્યાએ શેરીમાંથી દાખલ થતાં, સામેના છેડે જયાં શેરી પુરી થતી હતી, ત્યાં ચોક જેવુ હતું. તે ચોકમાં એક વીજ પોલ હતો, જેના પર, ૩/૨૧૧૨ નંબર વંચાતા હતા. તેની સામે ઉભા રહેતા, ડાબા હાથે ખુલ્લી જગ્યા હતી, તે રોડ જેવુ હતુ. તેના પછી એક મકાન

હતુ, જે મહાનગરપાલિકાનું આઈ.સી.ડી.એસ. કેન્દ્ર નં.૧૬ ના બોર્ડ વાળુ હતુ, તેની પાછળ જતાં, મકાનની દિવાલથી ૨૫ ફીટ જેટલી જગ્યામાં માટી રેતી વાળી હતી, તેમજ પડતર જગ્યા હતી. તેના પછી વોકળા વાળી ઉંચાઈ વાળી જગ્યા હતી. તેના પછી રેલ્વેના ટ્રેક હતા. ત્યાં ૭૪૩/૮ નંબરનો રેલ્વેનો નિશાની વાળો પોલ હતો. આ જગ્યાથી ઢોળાવ વાળી જગ્યામાં જતાં ત્યાં લાકડાના ફાટેલ ટુકડાઓ કુલ ત્રણ નંગ પડેલ હતા. જેમાં બે ટુકડાની લંબાઈ ૩૦ ઈંચ જેટલી હતી અને એક તેનાથી નાનો હતો. અહીંથી જુના મોરબી રોડ ઉપર જુના રેલ્વે સ્ટેશન તરફ જતા, ત્યાં રેલ્વે ટ્રેક તરફ જતાં, કમાનની ઉપર હિન્દીમાં ''રેલ્વે સુરક્ષાબલ'' વંચાતુ હતુ. તેની સામે ઉભા રહેતાં, જમણી બાજુના મકાનમાં બનાવ બનેલ હોવાનું જણાવેલ. તે જગ્યા સંપૂર્ણ અવાવરૂ અને પડતર હતી. આ જગ્યાનો ઉપયોગ, લોકો કુદરતી હાજતે જવા માટે કરતા હોય, તે પ્રકારનો હતો. તેઓએ આ બનાવ સ્થળેથી લાકડાના ટુકડાઓના નમુનાઓ કબ્જે લેવા માટે સુચન કરેલ. તેઓને આ કામે બનાવેલ રીપોર્ટ અસલ બતાવવામાં આવતાં, તેમાં પોતાની સહી તથા હસ્તાક્ષર ઓળખી બતાવતા હોય, તે સદર શાહેદની જુબાની દરમ્યાન આંક–૭૭ થી રજુ થયેલ.

સદર શાહેદની ઉલટ તપાસ આરોપીના એડવોકેટ બી.વી. ડોડીયાએ લીધેલ, તેમાં શાહેદે જણાવેલ છે કે, બનાવ સ્થળે

કોઈપણ જાતના લોહીના પુરાવા તેમના સ્થળ પરિક્ષણ દરમ્યાન મળી આવેલ નહીં. ઈમામ ચોક થી બનાવવાળા સ્થળ સુધી જતા ઘણા બધા રહેણાંકના મકાનો આવેલ હતા. તેઓ ગયા ત્યારે ત.ક.અ. શ્રી ભટ્ટ, પંચનામા કરતાં હતા કે કેમ, તેની તેમને જાણકારી ન હતી, પરંતુ કોઈ પોલીસ કાર્યવાહી ચાલતી હતી, તે મુજબનો શાહેદે પુરાવો આપેલ છે. આમ શાહેદના પુરાવા અનુસાર બનાવવાળી જગ્યા ઉપર કોઈ લોહીના પુરાવા મળી આવેલ નહી. શાહેદે બનાવવાળા સ્થળથી લાકડાના ટુકડાઓના નમુનાઓ કબ્જે લેવા માટે સુચન કરેલ, પરંતુ તે લાકડાના ટુકડાઓનો ઉપયોગ ગુનાના કામે કરવામાં આવેલ કે કેમ, તે સ્પષ્ટ થયેલ નથી.

(૨૧)આંક–૭૯ થી શાહેદ નં.૧૮, ડો. વિનોદકુમાર શ્રીરામપ્રિતસિંગે એવુ જણાવેલ છે કે,–તેઓ તથા તેમના સાથી તબીબ ડો. એમ.એસ. રોય, તા.૨૬/૦૬/૧૬ ના રોજ, પી.ડી.યુ. હોસ્પિટલ ખાતે ફરજ પર હાજર હતાં, ત્યારે પી.એસ.આઈ., બી.ડિવી. પો.સ્ટે., રાજકોટ સીટી વાળાએ ઈન્કવેસ્ટ પંચનામા સાથે, નીચે એક અજાણ્યા પુરૂષનું શબ પી.એમ. માટે મોકલેલ. જે તેમને કલાક ૧૧/૫૦ વાગ્યે મળેલ. જેનુ નામ, તા.૧૬/૦૭/૨૦૧૬ ના રોજના પોલીસના પત્ર અનુસાર, સાહીલ સુધિરભાઈ પરમાર હોવાનું જાણવા મળેલ. જેનું શબ પરીક્ષણ, પી.એમ. નં.૧૪/૮૧ આપીને,

સદર ડોકટર શાહેદે, કલાક ૧૩/૧૫ થી શરૂ કરી, તે જ દિવસે કલાક–૧૪/૧૫ વાગ્યે પુર્ણ કરેલુ. લાશનું બાહય પરીક્ષણ કરતા, તે આશરે ૩૨ વર્ષની ઉંમરની પુરૂષની હતી, જે લાશ કાળા રંગનાં ફુટ ટ્રેક પેન્ટમાં હતી, ભુરા રંગનો જાંગીયો હતો અને દુધીયા રંગની કાળી ડીઝાઈન વાળા ટી–શર્ટ માં હતી. ગળાના ભાગે, કાળા રંગના દોરાની માળા હતી. શબ પરના કપડા સુકાયેલ હતા અને તેના ઉપર ધુળ અને માટી પણ ચોટેલ હતા. શરીરના ડાબી બાજુ, કોણીથી નીચેના ભાગે "SAHIL" ત્રોફાવેલ હતું. શબનું શારીરીક બંધારણ સાધારણ તથા ઠંડુ હતુ. રાઈગર મોર્ટીસ આખા શરીર ઉપર મોજુદ હતુ. પી.એમ. લીવીડીટી શરીરના પાછળના ભાગે, દબાણ વાળા ભાગ સિવાય મોજુદ હતી. બંને આંખો ખુલ્લી હતી તથા કીકીઓ ફિકી અને પહોળી થઈ ગયેલ હતી. મોઢુ બંધ હતુ. જીભ મોઢાની અંદર હતી. ચામડી ઉપર ઈજાના નિશાન હતા. બાહય જનેન્દ્રીઓ ઉપર કોઈ પણ ઈજાઓ ન હતી. શરીરના બંને હાથ અને પગ સીધા હતા. શબનું પરિક્ષણ કરતા પી.એમ. નોટની કોલમ નં.૧૮ મુજબ, શબના ડાબી બાજુના ટીબીયાના હાડકાના ઉપરના ભાગે અને ડાબી બાજુ અલનાના ઉપરના ભાગે ફ્રેકચર હતુ. પી.એમ. નોટની કોલમ નં.૧૭ અને ૧૮ મુજબ, દર્શાવેલ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી. શબ પર પી.એમ.નોટની કોલમ નં.૧૭ માં જણાવ્યા મુજબની, ૨૩ બાહય ઈજાઓ હાજર હોવાની અને સદર શાહેદની જુબાનીમાં તે ૪.૧

થી ૪.૨૩ સુધીની ઈજાઓ, અંગ્રેજીમાં દર્શાવેલ. તમામ ઈજાઓ સખ્ત અને બોથડ પદાર્થથી થઈ હતી અને ઉપર મુજબની બધી ઈજાઓ મૃત્યુ પહેલાની હોવાનું અને મુ.મા. આર્ટી નં.૪,૫,૮,૧૮ ની લાકડીઓ નામ.કોર્ટ રુબરુ બતાવવામાં આવતા, જે જોઈને કહેલ છે કે, આવા હથિયારથી પી.એમ. નોટમાં દર્શાવેલ ઈજાઓ થઈ શકે. પી.એમ. નોટની કોલમ નં.૧૯, મુજબના આંતરીક પરિક્ષણમાં જે જોવા મળેલ, તે પોતાની જુબાની દરમ્યાન પેરા નં.૬.૧ થી ૬.૪ સુધી જણાવેલ અને શબમાંથી તેઓએ બે બોટલમાં મીઠાના દ્રાવણમાં કેમીકલ એનાલીસીસ માટે સંગ્રહી રાખેલ, તે વીસેરામાં ૭.૧. બોટલ નં.૧ માં હોજરીમાંથી મળેલ પદાર્થ, ૭.૨ બોટલ નં.૨ માં લીવર, સ્પ્લીન, ફેફસા અને કીડનીના ટુકડા હતા. ૭.૩ પાંચ સી.સી. બ્લડ એક ફાઈલમાં એન્ટી કોગનેન્ટની સાથે પોલીસને આપવા માટે લીધેલ. મરણ જનારના કપડામાં એક ટી–શર્ટ, એક પેન્ટ અને એક જાંગીયો પોલીસને સુપ્રત કરેલ. કરોડ રજ્જુમાં કોઈ ઈજા ન હતી. મૃત્યુનું સંભવિત કારણ શરીર ઉપર સખ્ત અને બોથડ પદાર્થથી થયેલ અનેક ઈજાઓના કારણે હેમરેજ અને શોકથી મૃત્યુ થયેલ. મરણનું અસલ કારણ, વિશેરાના રિપોર્ટ આવ્યા પછી જણાવી શકાય, જેથી તેઓએ વિશેરાના નમુના લીધેલ.

સદર ડોકટર શાહેદની જુબાની દરમ્યાન આંક–૮૦ થી પી.એમ. રીપોર્ટની કાર્બન કોપી, આંક–૮૧ થી અસલ કોઝ ઓફ

ડેથનું સર્ટી, આંક–૮૨ થી વિશેરા પૃથ્થકરણ માટે મોકલેલ, તેની યાદી તથા આંક–૮૩ થી પી.એમ. નોટમાં નામ લખવા માટે પોલીસ દવારા લખવામાં આવેલ યાદી, આંક–૮૪ અને આંક:૮૫ થી મરણ જનારના વિશેરા લઈ જવા માટે લોહીની બોટલો, સીલબંધ લઈ જવા માટે પોલીસને મોકલેલ યાદીઓ, આંક–૮૬ થી લાશનું પેનલ ડોકટરથી પી.એમ.કરવા માટેની યાદી, આંક–૮૭ થી મરણોત્તર ફોર્મની સ્થળપ્રત, આંક–૮૮ થી પી.એમ. નોટ તથા બ્લડ સેમ્પલ મેળવવા માટે પોલીસ દવારા, તેમના નામ જોગ લખવામાં આવેલ યાદી, આંક–૮૯ થી એફ.એસ.એલ. કચેરીનો વિશેરાનો પરિક્ષણ અહેવાલ રજુ થયેલ છે.

સદર શાહેદના પુરાવામાં પી.એમ. નોટના કોલમ નં.૧૭ માં ૨૩ જેટલી બાહય ઈજાઓ જણાવવામાં આવેલ. મુ.મા. આર્ટી નં.૪,૫,૮,૧૮ ની લાકડીઓથી પી.એમ. નોટમાં દર્શાવેલ ઈજાઓ થઈ શકે તેવો શાહેદનો અભિપ્રાય છે.

આંક–૮૯ થી એફ.એસ.એલ. કચેરીનો વિશેરાનો પરિક્ષણ અહેવાલ જોઈ જણાવે છે કે, જે ટોક્ષીકોલોજી રીપોર્ટ અનુસાર પોતે આપેલ અભિપ્રાય મુજબનો જ રીપોર્ટ હોય, તેમ પુરાવો આપેલ.

ઉલટ તપાસમાં શાહેદે એ સુચનનો સ્વીકારેલ કરેલ નથી કે મરણ જનારના શરીર ઉપર નોંધાયેલ ઈજાઓ સાદી હતી. આ

ઈજાઓથી કુદરતના સામાન્ય ક્રમમાં માણસનું મૃત્યુ ન થાય, તેવા સુચનનો પણ ઈન્કાર કરેલ. કોલમ નં.૧૭ માં દર્શાવેલ ઈજા નં.૧૦ અને ૧૪ કોઈ તીક્ષ્ણ હથિયારથી થઈ શકે, તેવા સવાલના જવાબમાં ''એવુ જરૂરી નથી.'' એમ જણાવેલ છે. માણસને ઢસડાવીને લઈ જવાથી એબ્રેઝનની ઈજાઓ થઈ શકે. હાલના કેસમાં શરીરના અંદરના મહત્વના અવયવોને કોઈ ઈજા થયેલ ન હતી. હાલના કેસમાં રાઈગર મોર્ટીસની ક્રિયા પૂર્ણ થઈ ગયેલાનો પુરાવો આપેલ. ઈજાઓ જે થયેલ, તેમાં તાત્કાલીક સારવાર મળે તો, માણસ બચી શકે, તેવા સુચનને પણ સ્વીકારેલ. આમ, રાઈટર મોર્ટીસની પ્રક્રિયા ૬ કલાકથી શરૂ થઈ બાર કલાક સુધી પૂર્ણ થાય અને પાછા બાર કલાક સુધી રહે છે, તે મુજબનો કોઈ કેસ ઉલટથી સાબિત થયેલ નથી પરંતુ ઘણી બધી ઈજાના કારણે મૃત્યુ થયેલાનું અને શોક અને હેમરેજના કારણે મૃત્યુ થયેલાનો શાહેદે અભિપ્રાય આપેલ છે અને મરણજનારના શરીર ઉપર સખ્ત અને બોથડ પદાર્થથી ઈજા થયેલાનું જણાવેલ, ત્યારે માણસને ઢસાડવીને લઈ જવાથી એબ્રેઝનની ઈજાઓ સંભવી શકે, તેવો શાહેદે પુરાવો આપેલ. તે સંજોગોમાં, તે સ્થળના સખ્ત અને બોથડ પર્દાથ ઉપર લોહીના નિશાન મળી આવવા જોઈએ.

(૨૨) આંક–૯૩ થી શાહેદ નં.૧૯,ભરતભાઈ જમનાદાસ ભડગંજીએ એવુ જણાવેલ છે કે, તેઓ નવે.૨૦૧૮ થી સ્પે. શાખામાં ફરજ બજાવે છે. તેમની ફરજમાં પોલીસ કમીશ્નરશ્રી, રાજકોટ શહેરનાઓ સ્પે. બ્રાંચ મારફતે, જે જે જાહેરનામા બહાર પાડતા હોય, તે જાહેરનામાં સંબંધી કામગીરી કરે છે. રાજકોટ શહેર પોલીસ કમીશ્નરશ્રી, રાજકોટ શહેર અને રાજકોટ શહેર હકુમત વિસ્તારમાં, હથીયાર સંબંધી વિગેરે જાહેરનામું તા.૨૨/૦૪/૨૦૧૬ ના રોજ બહાર પાડેલ, તે જાહેરનામાં ક્રમાંક/SB//જાહેરનામું/૧૪૨૪/૨૦૧૬, તેની અમલવારી સમય તા.૦૧/૦૫/૧૬ થી, તા.૩૦/૦૬/૨૦૧૬ ના કલાક ૨૪/૦૦ વાગ્યા સુધીનું બહાર પાડેલુ. આ બહાર પાડેલ જાહેરનામાની પ્રસિધ્ધીની કાર્યવાહી જાહેરનામામાં જણાવ્યા અનુસાર, જે તે વખતે કરવામાં આવેલ હોય, આ જાહેરનામું બહાર પાડનાર, પોલીસ કમીશ્નર શ્રી અનુપમસિંહ ગેહલોત સાહેબની સહી ઓળખી બતાવેલ અને આંક–૯૪ થી જાહેરનામાની ઝેરોક્ષ રજુ થયેલ.

સદર શાહેદને ઉલટ તપાસમાં પુછવામાં આવેલ હકીકત અનુસાર જાહેરનામું જાહેર સ્થળ ઉપર ચોટાડીને પ્રસિધ્ધ કર્યુ હોય, તેવો કોઈ પુરાવો તેમની પાસે નથી અને તે જાહેરનામાને કોઈ દૈનિકપત્રમાં પ્રસિધ્ધ કરાયુ હોય, તેનો પણ કોઈ પુરાવો, તેમની પાસે નથી. આમ, જાહેરનામાની બહોળી પ્રસિધ્ધ કરવામાં આવેલ કે કેમ, તે સદર શાહેદ જણાવી શકેલ નથી.

(૨૩) આંક–૯૫ થી શાહેદ નં.–૨૦,જયંતીલાલ હંસરાજભાઈ વેકરીયાએ એવુ જણાવેલ છે કે,–તા.૨૦/૦૮/૨૦૧૬ ના રોજ બી.ડિવી.પો.સ્ટે.ના પો.ઈ. શ્રી ડી.એચ. ભટ્ટ દવારા ફ.ગુ.ર.નં.૧૫૬/૧૬, ઈ.પી.કો.ક.૩૦૨ વિ.ના કામે, ગુન્હાના કામે ગુન્હાવાળી જગ્યાનો નકશો બનાવવા માટે, તેઓ દવારા સદર સાહેદને એક લેખીત યાદી આપવામાં આવેલ, જે યાદી આંક–૯૬ થી તથા નકશો આંક–૯૭ થી રજુ થયેલ.

સદર શાહેદને ઉલટ તપાસમાં પુછવામાં આવેલ હકીકત અનુસાર, પોપટપરા મેઈન રોડ, ખુબજ અવર જવાર વાળો વિસ્તાર છે. ઈમામ ચોકમાં રહેણાંકના ઘરો અને ઘણી બધી દુકાનો આવેલી છે. નકશામાં દર્શાવેલ સુલભ શૌચાલયની આજુબાજુ ઘણાબધા ઘેરો આવેલા છે. પોપટપરા થી જુના મોરબી રોડ જંકશન વચ્ચેનું અંતર અંદાજે ૪ થી ૫ કી.મી.નું છે. જુને રેલ્વે સ્ટેશન છે, તે રાજકોટથી મોરબી જવાનો મેઈન રોડ છે. આ રોડ ઉપર દિવસ અને રાત્રી દરમ્યાન, ખુબજ અવર જવર રહે છે. આમ બનાવવાળી જગ્યા ઉપર ખુબજ માણસોની અવર જવર રહેતી હોય ત્યારે કોઈ નજરે જોનાર શાહેદે આરોપીને સાંકળતો, પ્રોસીકયુશનના કેસ મુજબનો કોઈ ગુનો કરેલ છે કે કેમ, તે અંગે નજરે જોનાર શાહેદે હાલના કેસમાં કોઈ પુરાવો આપેલ કે કેમ, તે જોવુ ઘટે.

(૨૪)શાહેદ નં.૨૧ છગનગીરી હરદેવગીરી ગૌસ્વામીને આંક-૯૮ થી અને શાહેદ નં.૨૨ ભાનુબેન તખ્તસિંહ પરમારને આંક-૯૯ થી તપાસવામાં આવેલા, આ બંને શાહેદના ઘર સુલભ શૌચાલયની સામે આવેલ. તે સુલભ શૌચાલયની પાછળ, બનાવના દિવસે મારામારી થતા ત્યાં સદર બંને શાહેદ ગયેલા હોય, તેવા પુરાવાને સદર બંને શાહેદે સમર્થન આપેલ નથી. કોણે કોને માર્યુ તે તેઓએ જોયેલ નહીં. બીજા દિવસે સવારે ભોગબનનાર ત્યાં પડેલ હોય અને બોલી ચાલી શકતા ન હોય, તેવુ કાંઈ બનેલ ન હોવાનો પુરાવો આપેલ. પોલીસે તેમની પુછપરછ કરેલ. આરોપીઓને તેઓ ઓળખી શકે નહીં તેમ જણાવેલ. શું કારણે બનાવ બનેલ, તે કાંઈ જાણવા મળેલ નહીં.

સદર શાહેદ નં.૨૧ ને ફરી ગયેલા જાહેર કર્યા બાદ પણ પ્રોસીકયુશનના કેસને સમર્થન આપતો કોઈ પુરાવો શાહેદે આપેલ નથી.

ભાનુબેન તખ્તસિંહ, પરમારના જણાવ્યા મુજબ પોપટપરાના સરનામે છેલ્લા ૨૦-૨૨ વર્ષથી રહે છે, તેઓના ઘરની સામે આવેલ સુલભ શૌચાલય સને ૨૦૧૬ થી આવેલ. તેઓના ઘરની સામે આવેલ સુલભ શૌચાલયની પાછળ બનાવના દિવસે કોઈ મારામારી થયેલ હોય અને ઘણા લોકો ભેગા થઈ જતા તેની

સાથે તેઓ પણ ગયેલ હોય, તેવા કોઈ પુરાવાને સમર્થન આપેલ નથી. તેઓના કથન મુજબ, તેઓ રાતના સમયે પોતાના ઘરે ટી.વી. જોતા હતાં અને ટી.વી. ચાલુ હોય, બહાર કોઈ દેકારો થાય તો સંભળાય નહીં અને તેઓએ દેકારો કે મારામારીનો અવાજ સાંભળેલ નહીં. બનાવવાળી જગ્યાએ, તુટી ગયેલ લાકડાના ધોકા પડેલ હોય, તેવુ કાંઈ તેમણે જોયેલ નહીં. માર મારી લાશ જુના મોરબી રોડ સીટી સ્ટેશન પાસે ખંડેરમાં નાખી જતા રહેલ હોય તેવુ જાણવા મળેલ નહીં. કોણે કોને માર્યુ, તે તેઓએ જોયેલ નહીં. બીજા દિવસે ભોગબનનાર ત્યાં પડેલ હોય અને બોલી ચાલીશકતા ન હોયતેવુ કાંઈ બનેલ ન હોવાનો પુરાવો આપેલ. પોલીસે તેમની પુછપરછ કરેલ. આરોપીઓને તેઓ ઓળખતા નથી અને જે કારણે બનાવ બનેલ, તે જાણવા મળેલ ન હોવાનો પુરાવો આપેલ છે. આમ, આ બંને નજરે જોનાર શાહેદે પ્રોસીકયુશનના કેસને સમર્થન આપેલ નથી. સુલભ શૌચાલયની પાછળ બનાવ બનેલ અને બંને શાહેદના પુરાવા મુજબ તેઓ સ્થળ ઉપર સામે જ રહેતા હોવા છતાં પ્રોસીકયુશનના કેસને સમર્થન આપેલ નથી.

(૨૫)આંક–૧૦૨ થી શાહેદ નં.૨૩, પ્રદિપભાઈ મહેશભાઈ ચૌહાણે એવુ જણાવેલ છે કે, આશરે બે વર્ષ પહેલા તેઓ રિક્ષા ડ્રાઈવીંગ કરતાં હતાં, તેમની રિક્ષા લઈને બી.ડિવી. પો.સ્ટે. પાસે ભાડુ ઉતારવા

ગયેલ, ત્યારે પોલીસના સાહેબે, તેમની સહી લીધેલી. અટક પંચનામામાં પંચ નં.-૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ અને તે અટક પંચનામું આંક-૧૦૩ થી રજુ થયેલ છે.

સદર શાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ અને ઉલટ તપાસમાં પુછી શકાય એવા સુચક પ્રશ્નો એ.પી.પી. શ્રી કે.બી. ડોડીયાએ પુછેલ પરંતુ પ્રોસીકયુશનના કેસને શાહેદે સમર્થન આપેલ નથી.

ઉલટ તપાસમાં તૈયાર કાગળ ઉપર સહી પોલીસે લીધેલાનું અને તેમની હાજરીમાં બીજી કોઈ કાર્યવાહી થયેલ ન હોવાનું જણાવેલ.

(૨૬)શાહેદ નં.૨૪ સમજુબેન બાબુભાઈ વાવેસાને આંક-૧૦૫ થી તપાસેલ છે. તેઓએ એવુ જણાવેલ છે કે તેઓ પોતાના હાલના સરનામે પચીસેક વર્ષથી રહે છે. બે સવા બેવર્ષ પહેલા તેમની ઘરની સામે આવેલ સુલભ શૌચાલયની પાછળ કોઈ બનાવ બનેલ હોય, કોઈ મારામારી થયેલ હોય, તેનો તેમને ખ્યાલ નથી. તેઓ વૃધ્ધ હોય, અપંગ હોય, તેઓ પોતાના ઘરમાંજ હતા જેથી બનાવ અંગે કાંઈ જાણતા નથી. પોલીસે તેમનું નામ-સરનામુ પુછેલુ. તેઓ આરોપીઓને ઓળખતા નથી તેઓએ બનાવ નજરે જોયેલ નથી.

સદર શાહેદ નં.ર૪ ને ફરી ગયેલા જાહેર કર્યા બાદ પણ પ્રોસીકયુશનના કેસને સમર્થન આપતો કોઈ પુરાવો શાહેદે આપેલ નથી.

સદર શાહેદની આરોપીઓના એડવોકેટ બી.વી. ડોડીયાના પ્રોકસી એડવોકેટ ડી.પી. વ્યાસ દવારા ઉલટ તપાસ થયેલ અને તેમાં સદર શાહેદે પોલીસે માત્ર તેમનું નામ સરનામુ પુછેલાનું બીજુ કાંઈ પુછેલુ નહીં અને તેઓએ કોઈ હકીકત, પોલીસને જણાવેલ નહીં તેવા સુચનનો સ્વીકાર કરેલ છે.

(૨૭)શાહેદ નં.ર૫ સંગીતાબેન ભાવરાવ પાટીલને આંક-૧૦૬ થી તપાસેલ છે તેઓએ એવુ જણાવેલ છે કે, આશરે એક વર્ષ પહેલા તેઓ પોપટપરા ૧૬/૦૧ ના ખુણે, ઈમામ ચોક ખાતે રહેતા હોય પોલીસે તેમની પુછપરછ કરેલી. બનાવનો તેમને ખ્યાલ નથી. પરંતુ પોલીસ તેમને પુછવા આવેલી કે,'' તમે કાંઈ જોયેલ છે ?'' તેઓ સ્કુલમાં જોબ કરે છે, સવારના ૬- થી ૬-૩૦ દરમ્યાન ઘરેથી નિકળી જાય છે, તેમ તેણીએ પોલીસને જણાવેલ. પોલીસે તેમને બનાવ શું બનેલ તે અંગે પુછેલ પરંતુ તેઓએ બનાવ કાંઈ નજરે જોયેલ નથી કે કોઈ અન્ય ઈસમે તેમને આવી બનાવ અંગેની કોઈ હકીકત જણાવેલ નથી. તેઓ કોઈ આરોપીને ઓળખતા નથી.

સુલભ શૌચાલય તેમના ઘરની સામે જ છે. અંજુબેન બાબુભાઈ તેમના ઘરની બાજુમાં રહે છે.

સદર શાહેદ નં.૨૫ ને ફરી ગયેલા જાહેર કર્યા બાદ પણ પ્રોસીકયુશનના કેસને સમર્થન આપતો કોઈ પુરાવો શાહેદે આપેલ નથી.

સદર શાહેદની આરોપીઓના એડવોકેટ બી.વી. ડોડીયાના પ્રોકસી એડવોકેટ ડી.પી. વ્યાસ દવારા ઉલટ તપાસ થયેલ અને તેમાં સદર શાહેદે પોલીસે માત્ર તેમનું નામ સરનામુ પેછુલુ બીજુ કાંઈ પુછેલુ નહીં અને તેઓએ કોઈ હકીકત, પોલીસને જણાવેલ નહીં તેવા સુચનનો સ્વીકાર કરેલ છે.

(૨૮)શાહેદ નં.૨૬, રોહીત ઉર્ફે બલી લચ્છુભાઈ ગુલવાણીને આંક-૧૦૮ થી તપાસેલ છે. તેઓએ એવુ જણાવેલ છે કે, તેઓ પોતાના હાલના સરનામે છેલ્લા પંદરેક વર્ષથી રહે છે. દિનેશભાઈ કરશનભાઈ ચારોલીયા તેમના મિત્ર થાય છે. તેમના મિત્ર દિનેશભાઈનું ઘર સીટી સ્ટેશનની સામે ભગવતીપરામાં આવેલ છે. પોલીસે તેમની પુછપરછ કરેલી. સાક્ષી પુરાવામાં તેમની સહી કરાવેલી અને સીટી સ્ટેશનમાં એક લાશ પડેલ હતી, તે તેઓએ જોયેલ. સવાર સવારમાં માણસો ભેગા થયેલ. લાશ કોની હતી તેની તેમને ખબર નથી. શું બનાવ બનેલ, કોણે મારેલ તેની પણ તેમને ખબર નથી.

સદર શાહેદ નં.૨૫ ને ફરી ગયેલા જાહેર કર્યા બાદ પણ પ્રોસીકયુશનના કેસને સમર્થન આપતો કોઈ પુરાવો શાહેદે આપેલ નથી.

સદર શાહેદની આરોપીઓના એડવોકેટ બી.વી. ડોડીયા દવારા ઉલટ તપાસ થયેલ અને તેમાં સદર શાહેદે પોલીસે માત્ર તેમનું નામ સરનામુ પુછેલુ બીજુ કાંઈ પુછેલુ નહીં, તેમનું કોઈ નિવેદન લીધેલ નહીં, તેમ જણાવેલ છે.

(૨૯)શાહેદ નં. ૨૭, દિનેશભાઈ કરશનભાઈ ચારોલીયાને આંક-૧૦૯ થી તપાસેલ છે. તેઓએ એવુ જણાવેલ છે કે, તેમનું ઘર જુના સીટી સ્ટેશનની સામે આવેલ, સને ૨૦૧૬ ની સાલમાં કોઈ માર મારીને ત્યાં જુના સીટી સ્ટેશનમાં લાશ ફેંકી ગયેલ હોય, તેવુ તેઓએ જોયેલ નથી. ત્યારે ઘણા માણસો ભેગા થયેલા અને રેલના પાટા પાસે બેઠેલ હતા. તેઓએ કોઈ લાશ જોયેલ નથી. તે લાશ કોની હતી તેની તેમને ત્યારબાદ પણ ખબર પડેલ નહીં કે તેને કોણે મોરલુ તે અંગે પણ કાંઈ ખબર પડેલ નહી. પોલીસે તેમની પુછપરછ કરેલી.

સદર શાહેદ નં.૨૭ ને ફરી ગયેલા જાહેર કર્યા બાદ પણ પ્રોસીકયુશનના કેસને સમર્થન આપતો કોઈ પુરાવો શાહેદે આપેલ નથી.

સદર શાહેદની આરોપીઓના એડવોકેટ બી.વી. ડોડીયા દવારા ઉલટ તપાસ થયેલ અને તેમાં સદર શાહેદે એવુ જણાવેલ છે કે, પોલીસે માત્ર તેમનું નામ સરનામુ પુછેલુ બીજુ કાંઈ પુછેલુ નહીં. તેમનું કોઈ નિવેદન લીધેલ નહીં.

(૩૦)શાહેદ નં.૨૮, પ્રહલાદભાઈ તનાભાઈ ચારોલીયાને આંક-૧૧૦ થી તપાસવામાં આવેલા છે. તેઓએ એવુ જણાવેલ છે કે, દિનેશભાઈ તેમના કાકાનો દિકરો, ભાઈ થાય અને તે તેમની બાજુમાં જ રહે છે. તેમનું ઘર જુના સીટી સ્ટેશનની સામે આવેલ. સને ૨૦૧૬ ની સાલમાં કોઈ માર મારીને ત્યાં જુના સીટી સ્ટેશનમાં લાશ ફેંકી ગયેલ હોય તેવુ તેઓએ જોયેલ નથી. ત્યારે ઘણા માણસો ભેગા થયેલા અને રેલના પાટા પાસે બેઠેલ હતા. તેઓએ કોઈ લાશ જોયેલ નથી. તે લાશ કોની હતી તેની તેમને ત્યારબાદ પણ ખબર પડેલ નહીં કે તેને કોણે મોરલુ તે અંગે પણ કાંઈ ખબર પડેલ નહીં. પોલીસે તેમની પુછપરછ કરેલી.

સદર શાહેદ નં.૨૮ ને ફરી ગયેલા જાહેર કર્યા બાદ પણ પ્રોસીકયુશનના કેસને સમર્થન આપતો કોઈ પુરાવો શાહેદે આપેલ નથી.

સદર શાહેદની આરોપીઓના એડવોકેટ બી.વી. ડોડીયા દવારા ઉલટ તપાસ થયેલ અને તેમાં સદર શાહેદે એવુ જણાવેલ છે

કે, પોલીસે માત્ર તેમનું નામ સરનામુ પુછેલુ બીજુ કાંઈ પુછેલુ નહીં. તેમનું કોઈ નિવેદન લીધેલ નહીં. આમ તમામ નજરે જોનાર શાહેદો કેબનાવ સ્થળના નજીક રહેતા શાહેદો કે ભોગબનનાર જયાં પડેલ હતા ત્યાંના કોઈ શાહેદોએબનાવને સમર્થન આપેલનથી. તેઓ કશુ જાણતાં નથી તેવો તમામનો પુરાવો છે.

(૩૧)આંક–૧૧૫ થી શાહેદ નં.૨૯, સુરેશગર શ્યામગર ગોસાઈએ એવુ જણાવેલ છે કે,–તેમની નોકરી તા.૨૬/૬/૨૦૧૬ ના રોજ બી. ડીવી. પો.સ્ટે.ના પી.એસ.ઓ. તરીકે હતી તે દરમ્યાન એ.ડી. નંબર ૯૭/૧૬, સ્ટે. ડા.નંબર ૬/૧૬ નોંધ કરી, સી.આર.પી.સી.કલમ–૧૭૪ મુજબની તપાસ તેઓએ ઈન્વે. પો.સ.ઈ., ડી.ડી. લાડુમોર સાહેબને સોંપેલ. જેમાં સદર સાહેદની સહી, સદર સાહેદે ઓળખી બતાવતાં, તે આંક–૧૧૬ થી રજુ થયેલ. જેના આધારે પો.સ.ઈ., ડી.ડી. લાડુમોર સાહેબે પોતાના રૂબરૂ લીધેલ ફરીયાદ ગુન્હો દાખલ કરવા માટે તેઓને રીપોર્ટ સાથે સોંપેલ, તે રીપોર્ટ આ કામે આંક–૮૦ થી રજુ છે, જેમાં રીસીવ બદલ તેમની સહી છે, જે ઓળખી બતાવેલ. અસલ ફરીયાદ પરથી તેઓએ સી.આર.પી.સી.કલમ–૧૫૪ મુજબ ફરીયાદ લખી લીધેલ. એફ.આઈ.આર.ની ખરી નકલ ઉપર તેમની સહી ઓળખી બતાવતા આંક–૧૧૭ થી રજુ થયેલ છે.

સદર શાહેદની આરોપીઓ તરફેના વિ.વ.શ્રી બી.વી. ડોડીયાના પ્રોકસી એડવોકેટ ડી.પી. વ્યાસ દવારા ઉલટ તપાસ થયેલ છે અને તેમાં તેઓએ જાતે કોઈ ફરીયાદ લીધી નથી. તેમના તરફ જે ફરીયાદ મોકલવામાં આવેલી, તે તેઓએ સી.આર.પી.સી.ની કલમ ૧૫૪ હેઠળ નોંધી લીધેલ. તેમને ફરીયાદ હકીકત સંબંધી કોઈ અંગત માહીતી નથી. નોંધેલ જાણવા જોગ એન્ટ્રી અનુસાર કોઈ આરોપીના નામ તે સમયે જાહેર થયેલા નહી તેવા તમામ સુચનનો સ્વીકાર કરેલ છે. ડી.ડી. લાડુમોર સાહેબે ફરીયાદ તેમને મોકલાવેલ, તેનો સમય તેઓએ નોંધેલ નથી તેવા સુચનનો ઈન્કાર કરેલ છે. આમ આ શાહેદે ફરીયાદ નોંધવાની કાર્યવાહીનો પુરાવો આપેલ છે. હુમલાખોરના નામ જાહેર ત્યારે થયેલ નહીં તેવો પણ પુરાવો આપેલ છે.

(૩૨)આંક–૧૧૯ થી સાહેદ નં.૩૦, દેવરાજભાઈ દુલાભાઈ લાડુમોરે એવુ જણાવેલ છે કે, તેમની નોકરી તા.૨૬/૬/૨૦૧૬ ના રોજ બી–ડિવી.પો.સ્ટે.ના ઈન્વે.પો.સ.ઈ. તરીકે હતી. તે દરમ્યાન પી.એસ.ઓ. દવારા ડેપ્યુટ હુકમ મળતા તેઓએ આ ગુન્હાની તપાસ શરૂ કરેલ, જે જાણવા જોગ નોંધ આ કામે આંક–૧૧૬ થી રજુ છે જે ઓળખી બતાવેલ. ત્યારબાદ તેમના દવારા આ કામના ફરિયાદી સુધિરભાઈ અમૃતલાલ પરમાર, ઉ.વ.–૫૧,

ધંધો:-નોકરી, રહે. બજરંગવાડી શેરી નં.૧૫, જામનગર રોડ, રાજકોટનાઓની તા.૨૬/૦૬/૨૦૧૬ ના રોજ ફરિયાદ લેવામાં આવેલ, તે ફરીયાદમાં ફરીયાદીએ લખાવ્યા મુજબની હકીકત લખી લીધેલ હોવાનું અને તે ફરીયાદમાં ફરીયાદીની સહી તથા સદર શાહેદની રુબરુ તરીકેની સહી, સદર સાહેદે ઓળખી બતાવતા, સદર ફરીયાદને આંક:૧૨૦ આપવામા આવેલ. આંક-૨૫ વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ બતાવવામાં આવતાં, જે જોઈ જણાવેલ છે કે, તેમના દવારા બે પંચોને પંચ તરીકે લઈ વિગતવાર ઈન્કવેસ્ટ પંચનામુ કરેલ, તે ઓળખી બતાવેલ. તેમજ આંક:૩૫ વાળુ પંચનામું બે પંચોને પંચ તરીકે લઈ ગુજરનારના કપડા કબ્જે કર્યા અંગેનું વિગતવાર કરેલ અને પંચનામામાં જણાવ્યા મુજબ, વિગતવાર કપડા કબ્જે કરેલ, જે પંચનામામાં નીચે બંને પંચોની તેમજ રુબરુ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ.

સદર શાહેદે વધુમાં જણાવેલ છે કે, તેમના દવારા લાશનું પી.એમ. કરવા માટે ડોકટરશ્રીને યાદી કરવામાં આવેલ, તે આંક-૮૬ વાળુ તથા આંક-૮૭, વાળા મરણોતર ફોર્મ તેઓએ તૈયાર કેરલ હોવાનું જણાવેલ. વધુમાં એવુ જણાવેલ કે, તપાસ પૂર્ણ થયે આગળની તપાસ, પો.સ.ઈ., શ્રી બી.એસ. ભટ્ટ સાહેબને સુપ્રત કરેલ. આંક-૧૨૨ થી શાહેદ નં.૩૧ દિપકભાઈ હરિશભાઈ ભટ્ટે એવુ જણાવેલ છે કે,-તેમને નિ.૧૯/૧૫ વાળુ આરોપી સદ્દામ ઉર્ફે

અફઝલ અહેમદભાઈનું અટક પંચનામુ બતાવવામાં આવતાં, તે બે પંચોને લઈ, તેમના બી.ડિવી.ના પો.ઈ. શ્રી કે.એમ. રાવલ દવારા અટક કરવામાં આવેલ. તેનું પંચનામુ હોવાનું અને તે આંક-૧૨૩ થી તથા ડીસ્કવરી પંચનામું આંક-૧૨૪ થી તથા લાશ સોંપ્યા અંગેની પહોંચ, ચાર્જશીટ સાથે રજુ રાખેલ તે આંક-૧૨૫ થી તથા મુ.મા. પૃથ્થકરણ માટેની નિ.૧૯/૩૦ વાળી યાદી આંક-૧૨૬ થી તથા તે મુદ્દામાલ એફ.એસ.એલ. કચેરીને મળી ગયા અંગેની પહોંચ આંક-૧૨૭ થી તથા નિ.૧૯/૩૨ વાળી મુ.મા. પૃથ્થકરણ માટેની યાદી આંક-૧૨૮ થી તથા નિશાની ૧૯/૩૩ થી એફ.એસ.એલ. કચેરીને મુ.મા. પૃથ્થકરણ માટે મળી ગયા અંગેની પહોંચ, આંક-૧૨૯ થી તથા આરોપી સદામ ઉર્ફે અફજલ અહેમદનો એરેસ્ટ મેમો આંક-૧૩૦ થી તથા ભારે ગુન્હા અંગેનો રીપોર્ટ આંક:૧૩૧ થી તથા વિડીયોગ્રાફી કરવા અંગેની યાદી આંક:૧૩૨ થી અને આરોપીની મેડિકલ તપાસ કરવા અંગેની યાદી આંક:૧૩૩ થી તથા આરોપીના બ્લડ સેમ્પલ માટેની યાદી આંક:૧૩૪ થી તથા આરોપીના લોહીના નમુના લીધેલાની યાદી આંક:૧૩૫ થી તથા આરોપીના બ્લડ સેમ્પલ માટેની યાદી આંક:૧૩૬ થી અને આરોપીના લોહીના નમુના લીધેલાની યાદી આંક:૧૩૭ થી તથા આરોપીનું મેડિકલ સર્ટી મળવા અંગેની યાદી આંક:૧૩૮ થી અને આરોપીનું મેડિકલ સર્ટી આંક:૧૩૯ થી તથા બ્રોડકાસ્ટ કરવા

અંગેની યાદી આંક:૧૪૦ થી તથા સી.ડી.આર.ની માહિતી મંગાવવા માટે પોલીસ કમીશ્નરશ્રીને લખવામાં આવેલ યાદી આંક:૧૪૧ થી તથા સ્ટે.ડા.માં નોંધ કરવા અંગેની યાદી આંક:૧૪૨ થી તથા મુ.મા.નો પરિક્ષણ અહેવાલ આંક:૧૪૩ થી રજુ થયેલ. સદર સાહેદ, ત.ક.અ.એ પોતાની તપાસ દરમ્યાન, સાહેદ છગનગીરી હરદેવગીરી ગોસ્વામી, સાહેદ ભાનુબેન તખ્તસિંહ પરમાર, સાહેદ અંજુબેન બાબુભાઈ વાવેચા, સાહેદ સંગીતાબેન ભાઉરાઉ પાટીલના નિવેદનો, તા.૨૮/૦૬/૨૦૧૬ ના રોજ નોંધવામાં આવેલા હોવાનું અને તે સાહેદોએ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનોમાં લખાવેલ હકીકતો અક્ષરસ: તેમના જ શબ્દોમાં, સદર શાહેદે પોતાની જુબાની દરમ્યાન દર્શાવેલ. વધુમાં સદર સાહેદે એવુ જણાવેલ કે, આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા હોય, તેમના દવારા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ.

સદર શાહેદની આરોપીઓ તરફેના એડવોકેટ શ્રી બી.વી. ડોડીયાના પ્રોકસી એડવોકેટ ડી.પી. વ્યાસનાઓ દવારા ઉલટ તપાસ લેવામાં આવેલ તેમાં સદર શાહેદે આંક-૧૨૦ વાળી ફરિયાદ તેઓએ કઈ જગ્યા પર અને કેટલા વાગ્યે લીધેલી તેનો ઉલ્લેખ ફરિયાદમાં કરેલ ન હોવાના સુચનનો સ્વીકાર કરેલ. તેમજ આંક:૮૦ વાળા ફોર્વડીંગ પત્રમાં આંક:૧૨૦ વાળી ફરિયાદ કઈ જગ્યા પર અને કેટલા વાગ્યે નોંધેલી તેનો ઉલ્લેખ કરેલ નથી તેવા સુચનનો

સ્વીકાર કરેલ. પરંતુ આંક:૧૨૦ વાળી ફરીયાદ તેઓએ જાતે લખી લીધેલ અને ફરિયાદીના કહેવા અનુસાર કોઈ વિગત લખેલ નથી, પંચનામાઓ તેઓએ જાતે લખી લઈ તૈયાર પંચનામાઓ ઉપર પંચોની સહીઓ લીધેલ અને આરોપીઓને ખોટી રીતે સંડોવવા માટે ખોટી કાર્યવાહી કરેલ હોવાના ઉપરોકત તમામ સુચનનો સદર શાહેદે ઈન્કાર કરેલ. આમ ફરીયાદ કઈ જગ્યા પર નોંધવામાં આવેલ તેનો ખુલાસો થયેલ નથી.

(૩૩)ફરીયાદપક્ષે આ કામે આંક:૧૨૨ થી શાહેદ નં.૩૧ દિપકભાઈ હરિશભાઈ ભટ્ટે એવુ જણાવેલ છે કે, તેમને નિશાની ૧૯/૧૫ થી રજુ આરોપી સદામ ઉર્ફે અફઝલ અહેમદભાઈનું અટક પંચનામુ બતાવવામાં આવતાં, જે જોઈ જણાવેલ કે, તે બે પંચો (૧) રજાક અજીજભાઈ મુલ્તાની, રહે. ભગવતીપરા શેરી નં.૭,(૨) સુલ્તાનભાઈ હાજીભાઈ કાથરોટી, રે.એજનને પંચ તરીકે લઈ, તેમના બી.ડિવી.ના પો.ઈ. શ્રી કે.એમ. રાવલ દવારા તેઓની અટક કરવામાં આવેલ તેનું પંચનામું જે સદર સાહેદે તપાસના કામે રજુ રાખેલ તે હોવાનું જણાવી ઓળખી બતાવતાં, તેને આંક-૧૨૩ આપવામાં આવેલ.

સદર શાહેદની જુબાની દરમ્યાન આંક-૧૨૪ થી આંક-૧૪૩ સુધીની તપાસ કાર્યવાહીને લગતા

દસ્તાવેજી–પુરાવાઓ રજુ થયેલ અને સદર શાહેદની તપાસ દરમ્યાન તેઓએ નોંધેલ સાહેદ છગનગીરી હરદેવગીરી ગોસ્વામીનું તથા સાહેદ ભાનુબેન તખ્તસિંહ પરમારનું તથા સાહેદ અંજુબેન બાબુભાઈ વાવેચાનું તથા સાહેદ સંગીતાબેન ભાઉરાઉ પાટીલના નિવેદનના કથનો અક્ષરસ: જે તે સાહેદોના શબ્દોમાં દર્શાવેલ તથા ચાર્જશીટ દાખલ કરેલ હોવાનું જણાવેલ.

આ શાહેદની આરોપીઓના વિ.વ.શ્રી બી.વી. ડોડીયાના પ્રોકસી એડવોકેટ જે.એલ. બારૈયાએ ઉલટ તપાસ લીધેલ અને તેમાં તેઓએ પંચનામાઓ પો.સ્ટે.માં જાતે દોરેલ અને તૈયાર પંચનામાઓ ઉપર પંચોની સહીઓ લીધેલી હોવાનો તથા આરોપીઓએ કોઈ મુદ્દામાલ રજુ રાખેલ નહી અને સાહેદોના નિવેદનો તેઓએ જાતે તેમની રીતે નોંધી લીધેલા હોવાનો ઈન્કાર કરેલ છે. આમ આ શાહેદ પણ આરોપીને સાંકળતો કોઈ સમર્થન કારક પુરાવો આપેલ નથી.

(૩૪) આમ, આ કામના આરોપીઓ વિરૂધ્ધનો કેસ બીઓન ડાઉટ, રેકર્ડ ઉપર ફરીયાદપક્ષ લાવેલ નથી. તે સંજોગોમાં આરોપીઓએ ગુન્હો આચરેલ હોવાનું ફરીયાદ પક્ષ પુરવાર કરવામાં સંદતર નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપીઓ સામેનો ભારતીય ફોજદારી ધારાની કલમ–૩૦૨, ૩૬૪, ૩૪૨, ૩૮૭, ૫૦૪, ૩૪, ૫૦૬(૨),

૧૨૦(બી) મુજબનો પુરાવો આવતો ન હોય, આરોપીઓને કસુરવાર ઠરાવી શકાય નહી. જેથી ઉપર કરેલ ચર્ચા, કેસની હકીકતો, રેકર્ડ ઉપરના પુરાવાનુ ઉંડાણપૂર્વકનું વિશ્લેષણ જોતા, અત્રેની કોર્ટ એવા તારણ ઉપર આવેલ છે કે,–ફરીયાદ પક્ષ આરોપીઓ વિરુધ્ધનો પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ નથી. જેથી મુદ્દા નંબર–૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નંબર: ૨ :–**

(૩૫)ઉપર કરેલ ચર્ચાના પરીણામ સ્વરૂપ મુદ્દા નંબર– ૨ નો જવાબ આખરી હુકમ પ્રમાણે નીચે મુજબ કરવામાં આવે છે. :–

**–:: આખરી હુકમ ::–**

(૧) સેશન્સ કેસ નં.૧૫૩/૧૬ ના આરોપીઓ: (૧) અનીશ ઉર્ફે ગોલી મહેબુબભાઈ સાંઘ મુસ્લિમ સંધી, (૨) તૌફીક ઉર્ફે બાવો જમીલહુસૈન શેખ, (૩) અબ્દુલ ગફારભાઈ સીદીકભાઈ પારેડી, બધા રહે. રાજકોટ. તથા સે.કે.નં.૧૦૬/૨૦૧૭ ના આરોપી : (૪) સદામ ઉર્ફે

અફઝલ અહેમદભાઈ દલવાણી, રહે. રાજકોટને રાજકોટ શહેર 'બી'. ડીવી. પો.સ્ટે.ના ફર્સ્ટ ગુ.ર.નં.૧૫૬/૧૬,ભારતીય ફોજદારી ધારાની કલમ-૩૦૨, ૩૬૪, ૩૪૨, ૩૮૭, ૫૦૪, ૩૪, ૫૦૬(૨), ૧૨૦(બી) મુજબના શીક્ષાપાત્ર ગુના સબબ, શંકાનો લાભ આપી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૪૩૭(એ) મુજબ આરોપીઓએ દરેકે, અપીલ થવાના પ્રસંગે એપેલેન્ટ કોર્ટ સમક્ષ હાજર રહેશે, તેવી ખાત્રી માટે, પ્રત્યેક આરોપીઓએ રૂા.૧૫,૦૦૦-(અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા આપવાના રહેશે.

(૩) આંકે ન પડયા હોય તેવા પોલીસ પેપર્સ, રાજકોટ શહેર 'બી' ડીવી. પોલીસ સ્ટેશનને ક્રીમીનલ મેન્યુલ પારા ૩૪૯(૧) અન્વયે પરત આપવા હુકમ કરું છું.

(૪) **<u>(૧) સે.કે.નં.૧૫૩/૧૬</u>** ના કામની મુદ્દામાલ પાવતી નં.૨૪૨/૧૬, તા.૩૦/૬/૧૬ માં દર્શાવેલ મુદ્દામાલ આર્ટીકલ નં.(૧) એક સી.એ.ની. રીક્ષા જેના આર.ટી.ઓ.

નં.જીજે-૧-એવી-૨૦૮૪ છે તે તથા આર્ટીકલ નં.(૨) એક હિરો સ્પ્લેન્ડર મો.સા. જેના આર.ટી.ઓ નંબર જી.જે.૦૩ એફ.એ.૧૨૮૪ છે તે વાહનો, જો ચાલુ કામે જામીન ઉપર તેના માલિક લઈ ગયેલ હોય તો, તેઓની પાસે રહેવા દેવા અને જો ન લઈ ગયેલ હોય તો અપીલ સમય વિત્યા બાદ, તે વાહનો જેની માલીકીના હોય તેના માલીકીપણા અંગેના જરૂરી આધાર-પુરાવા લઈ, તેના ખરા માલિકને નિયમાનુસાર પરત કરવાના રહેશે.

જયારે **<u>સે.કે.નં.૧૫૩/૧૬</u>** ના કામેની મુદ્દામાલ પાવતી નં.૨૩૪/૧૬ તથા ૨૩૫/૧૬ બંનેમાં તારીખ:૨૬/૬/૧૬ તથા મુદ્દામાલ પાવતી નં.૨૩૭/૧૬, તા.૨૯/૯/૧૬ તથા મુદ્દામાલ પાવતી નંબર:૨૪૧/૧૬, તા.૩૦/૬/૧૬, તા.૩૦/૬/૧૬ તથા મુદ્દામાલપાવતી નં.૨૫૩/૧૬, તા.૧૧/૭/૧૬ તથા મુદ્દામાલ પાવતી નં.૨૮૨/૧૬, તા.૧/૯/૧૬ તથા મુદ્દામાલ પાવતી નં.૨૮૪/૧૬, તા.૩/૯/૧૬ માં દર્શાવેલ બિનકિંમતી તમામ મુદ્દામાલનો **<u>તથા</u>** **<u>સે.કે.નં.૧૦૬/૧૭</u>** ના કામે મુદામાલ પાવતી નં.૨૯/૧૭, તા.૧૬/૨/૧૭ માં દર્શાવેલ આર્ટીકલ નં.(૧) તથા આર્ટીકલ નં.(૨)માં દર્શાવેલ તમામ

બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નાશ કરવાનો રહેશે.

(૫) આ બે સેશન્સ કેસનો સંયુકત ઠરાવ હોય, આ ચુકાદાની અસલ સે.કે.નં.૧૫૩/૨૦૧૬ ના કામે રાખવી તથા ચુકાદાની ખરી નકલ સે.કે.નં.૧૦૬/૨૦૧૭ ના કામે રાખવી.

આ હુકમ આજ **તારીખ : ૩૦, માહે : ડિસેમ્બર, સને : ૨૦૧૯** ના રોજ ખુલ્લી અદાલત મધ્યે મારી સહી કરી, વાંચી, સંભળાવી ઘોષિત કરવામાં આવ્યો.

સહી/-અવાચ્ય,
(**મીસ ગીતા ગોપી**)
મુખ્ય સત્ર ન્યાયાધીશ
રાજકોટ
કોડ નંબર:જી.જે.૦૦૯૦૪

તારીખ:૩૦-૧૨-૨૦૧૯
રાજકોટ.